ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ઝુંપડાવાસીઓના ૮૦૦ આવાસ તૈયાર

## ટુંક સમયમાં લોકાર્પણવિધિ યોજાશે : આવાસ યોજનાના લાભાર્થીઓ માટે ડ્રો ની પ્રકીયા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૩૧

કોલવડાની સીમમાં ઝુંપડાવાસીઓ માટેની આવાસ યોજના તૈયાર કરી દેવાઈ છે. ૮૦૦ યુનિટની આ યોજના અન્વયે ટુંકમાં લોકાર્પણવિધિ યોજવામાં આવી હતી. આવાસ યોજના પાછળ રૂ. ૪૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં ડ્રૉ પદ્ધતિથી લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવામાં આવશે.

ઝુંપડાવાસીઓને માથે પાકી છત પુરી પાડવા દોઢ વર્ષ પૂર્વે કોલવડા ગામની સીમમાં આવાસ યોજના તૈયાર કરવાનુ કામ શરૂ કરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ આવાસ યોજનાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. અંદાજિત રૂ. ૪૪ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા આવાસો હવે ટુંકમાં લાભાર્થીઓને ફાળવવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આ મામલે લાભાર્થીઓની યાદી તૈયાર કરવાની પ્રકીયા પણ ચાલી રહી છે. આવાસ યોજનાને અનુલક્ષી પાણી-ગટરની પાયાની સુવિધાના કામો ઉપરાંત રોડ તેમજ સ્ટ્રીટલાઈટનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે જ્યારે નજીકના દિવસોમાં આવાસ યોજનાની લોકાર્પણ વિધિ યોજવામાં આવશે. ઝુંપડાવાસીઓને મકાન ફાળવવા તંત્ર દ્વારા ડ્રો પ્રકીયા મુખ્ય કાર્યવાહી હાથ ધરાશે. ફેબ્રુઆરી મહીના દરમિયાન આવાસ યોજનાનું લોકાર્પણ કરવામાં આવે તેવી સંભાવના છે.

# જિલ્લામાં ૧૩ કરોડના ખર્ચે ૧૧ માર્ગોનું મજબૂતિકરણ

## જિલ્લાના વિવિધ ગામોને જોડતું રોડ નેટવર્ક સુધરશે : ટેન્ડર પ્રકીયા હાથ ધરાઈ ટૂંકમાં કામ શરૂ થશે

ગાંધીનગર, તા.૩૧

જિલ્લાના રોડ નેટવર્કને ચકાચક બનાવ વિવિધ માર્ગોનું પેવરકામ હાથ ધરાશે. માર્ગોના નવીનીકરણ પાછળ રૂ. ૧૩ કરોડથી વધુ ખર્ચ થશે. માણસા-મકાખાડ સહિત વિવિધ ૫ રસ્તાઓની સુધારણા માટે રૂ. ૫.૨૩ કરોડના ટેન્ડરોને મંજુરી આપી દેવાઈ છે. આ ઉપરાંત ૨.૯૯ કરોડના કામો અન્વયે ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં વિવિધ માર્ગોના નવીનીકરણ માટે રૂ. ૩૭ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જેમાં જૂના સે-૨૦ થી ૩૦ ઉપરાંત 'ક' અને 'ગ' માર્ગ સહીતના ઉભા રસ્તાઓનું નવીનીકરણ કરવામાં આવનાર છે. જયારે શહેરી વિસ્તાર ઉપરાંત જિલ્લાના વિવિધ ગામોને જોડતા માર્ગોની સુધારણા માટે પણ આયોજન કરી દેવાયું છે. જિલ્લાને જોડતા વિવિધ ૧૧થી પણ વધુ રસ્તાઓને ચકાચક બનાવવા રૂ. ૧૩ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવશે. આ પૈકી કેટલાક કામો શરુ પણ કરી દેવાયા છે. જિલ્લામાં માર્ગ નવીનીકરણના કામો અન્વયે માણસા-મકાકાડ, ઉવારસદ, શેરથા, વાવોલ, કોલવડા, શેરથા રોડ સાબરમતી બ્રિજ નીચેના સી.સી. રોડનું કામ હાથ ધરવા ટેન્ડર આખરી કરી દેવાયું છે. આ પાંચેય કામો અન્વયે રૂ. ૫.૨૩ કરોડનો ખર્ચ થશે. આ ઉપરાંત પિલવાઈ-મહુડી તેમજ ગુનમા-હીંમતપુરા માર્ગની સુધારણા માટે પણ રૂ. ૨.૯૯ કરોડનો ખર્ચ કરાશે. આ બંને કામોને અનુલક્ષી ટેન્ડર પ્રકીયા હાથ ધરી દેવાઈ છે. આ ઉપરાંત વાવોલ-પુંદ્રાસણ ટીંટોડા, ચિલોડા-મગોડી તેમજ દહેગામ-બાયડ માર્ગનું કામ પણ ખાતાકીય પ્લાન્ટમાંથી હાથ ધરાશે. આ કામગીરી પાછળ રૂ. ૪.૯૩ કરોડનો ખર્ચ થશે. વધુમાં ડભોડા-વડોદરા ગામને જોડતા રસ્તાને પણ ટનાટન બનાવી દેવાશે. જિલ્લામાં રાંધેજા-રૂપાલ માર્ગનું કામ પણ શરુ કરી દેવાયું છે.


કડી કેમ્પસમાં બાળ વિકાસ માટે નવતર અભિગમ

# 'રમતાં રમતાં શીખો'

# કમળા અમૃત ટોય હાઉસ

બાળકોના સર્વાંગી વિકાસને પોષે તેવા રમકડાં અને ગેમ્સથી સજ્જ આ ટોય હાઉસમાં બાળકો બાળપણની પ્રત્યેક ક્ષણને માણી શકશે





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૩૧

બાળકના વિકાસના વિવિધ તબક્કાઓમાં તેમની જીજ્ઞાસાવૃત્તિ એકદમ સતેજ બને છે અને તેઓ કંઈકને કંઈક નવું કરવા અને શીખવા તરફ પ્રેરાય છે. આ પ્રક્રિયા દરમિયાન તેઓને પડવાનો અને વાગવાનો સૌથી વધુ ભય રહે છે. ભૂલકાંઓ આવા ભય વગર રમતાં રમતાં નવું શીખી શકે અને અવનવી પ્રવૃત્તિ કરી શકે તે હેતુથી કડી સંકુલમાં 'કમળા અમૃત ટોય હાઉસ'નું નિર્માણ કરવામાં આવ્યું છે. આખો દિવસ શાળામાં અભ્યાસ કરીને કંટાળેલું બાળક ટોય હાઉસમાં આનંદની પળો વિતાવી શકશે.

બાળકોમાં જીજ્ઞાસાવૃત્તિ ખૂબ હોય છે. હજુ તો માંડ ચાલતા શીખેલું બાળક નવી નવી પ્રવૃત્તિઓ અને ચીજો તરફ આકર્ષાય છે. કયારેક તે છરી કાંટા જેવી ચીજવસ્તુઓ અડે છે તો કયારેક ગેસ તરફ જઈ તેને અડવાનો પ્રયત્ન કરે છે. બાળકને આવી વસ્તુઓથી નુકશાન પહોંચે તે માટે આપણે તેમને વારંવાર ટોકીએ છીએ. અને એક અર્થમાં તેમના વિકાસને રુંધીએ છીએ. શીખવાના-જાણવાના તબક્કાઓમાં બાળકનો સર્વાંગી વિકાસ થાય અને સાથે સાથે તે બાળપણની પ્રત્યેક ક્ષણને માણી શકે તે હેતુથી કડી કેમ્પસમાં 'કમળા અમૃત ટોય હાઉસ'નું નિર્માણ કરવામાં આવ્યું છે.

આવતીકાલે તા. ૧લી ફેબ્રુઆરીના રોજ સાંજે ૫ વાગે આ ટોય હાઉસનું ઉદઘાટન શ્રી અમૃતભાઈ શિવાભાઈ પટેલના હસ્તે થશે.

● અનુસંધાન પાન-૭ પર

# તલાટીની પરીક્ષા ૧૬મીએ લેવાશે

## ૧૫૦૦ જગ્યાઓ માટે ૮ લાખ કરતા વધુ અરજીઓ આવી : ઉમેદવારોનો ધસારો જોઈ ખોટા વચનો આપી નાણા પડાવતા તત્વોથી ચેતવા સલાહ

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત સરકારના મહેસુલ વિભાગની ભરતી સમિતિ દ્વારા તલાટી માટેની ૧૫૦૦ જગ્યાઓ ભરવા માટે અરજી પત્રકો મંગાવતા રાજ્યભરમાંથી આશરે ૮ લાખ ઉપરાંત અરજીઓ પ્રાપ્ત થયેલ છે. તલાટીની ભરતી માટેની પરીક્ષા તા. ૧૬મી ફેબ્રુઆરીએ સવારે ૧૨ થી ૧ વાગ્યા દરમ્યાન લેવામાં આવશે.

મહેસુલી તલાટીની ભરતી માટે રાજ્યના નોકરી વાચ્છુંકોએ અરજીઓની ખડકલો કરી દીધેલ છે. ઉમેદવારોનો ધસારો જોઈ કેટલાક તત્વો દ્વારા તલાટીની નોકરી અપાવી દેવાના દીવાસ્વપ્નો બતાવી ઉમેદવારો પાસેથી નાણાં પડાવી રહ્યા હોવાની બાબતો પણ પ્રકાશમાં આવેલ છે. આવી ગેરકાનુની પ્રવૃત્તિઓથી રાજ્ય સરકારે ચેતતા રહેવા ભલામણ કરવાની સાથે સાથે જો કોઈ વ્યક્તિ દ્વારા આ પ્રકારની માંગણી કરવામાં આવે તો એન્ટી કરપ્શન બ્યુરો હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૪૪૪૪૪ પર સંપર્ક સાધવા પણ મહેસુલ ખાતા દ્વારા જણાવવામાં આવ્યું છે.

મહેસુલ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલ અખબારી યાદી મુજબ રાજ્ય સરકાર આ ભરતી પ્રક્રિયા અને તેની પરીક્ષા સંપૂર્ણપણે પારદર્શક રીતે પરિપૂર્ણ થાય અને ગુણવત્તાના આધારે લેવાય તે માટે કટિબદ્ધ હોવાનું જણાવાયું છે. બેરોજગાર યુવાનોની મજબુરીનો લાભ ઉઠાવી ગેરરિતી આચરતા તત્વોથી દૂર રહેવા અનુરોધ કરાયો છે. આ અખબારી યાદી મુજબ તલાટીની ભરતી માટેની લેખિત પરીક્ષામાં જુદા જુદા વિષયોની હેતુલક્ષી પ્રશ્નો દ્વારા પરીક્ષા લેવાશે જેમાં કુલ ગુણ ૧૦૦ રહેશે. આ ૧૦૦ ગુણમાંથી ગજુરાતી ભાષાના ૨૦ ગુણ, ગુજરાતી વ્યાકરણના ૧૫ ગુણ, અંક ગણિતના ૧૫ ગુણ, સામાન્ય જ્ઞાન અને બુદ્ધિ કૌશલ્યના ૩૫ ગુણ એમ કુલ મળીને ૧૦૦ ગુણની હેતુલક્ષી પરીક્ષા લેવાશે.

માત્ર ૧૫૦૦ જગ્યાઓ માટે આવેલ ૮ લાખ કરતા પણ વધુ અરજીઓ રાજ્યમાં યુવા રોજગારની સ્થિતિની ચાડી ખાય છે. જો કે સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા મેરીટના આધારે ભરતીની પ્રક્રિયાથી લાંચ રૂશ્વત અને લાગવગને જાકારો મળી રહ્યો હોવાથી ઉમેદવારોમાં ઉત્સાહ વર્તાય છે.

### લાંચ માંગતા તત્વોને ડામવા ટોલ ફ્રી નંબર જાહેર કરાયો

મહેસુલ વિભાગ દ્વારા તલાટીની ભરતી માં માત્ર ૧૫૦૦ જગ્યાઓ માટે ૮ લાખથી વધુ અરજીઓ આવતા પરીક્ષાઓ સંપૂર્ણ પારદર્શક રીતે ગુણવત્તાના ધોરણે લેવાય તે માટે પ્રયાસો હાથ ધરાયા છે. કેટલાક તત્વો દ્વારા ઉમેદવારો પાસેથી ખોટા વચનો આપી નાણાં પડાવતા હોવાની બાબતો પ્રકાશમાં આવતા લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોના ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૪૪૪૪૪ પર તાત્કાલિક સંપર્ક સાધવા જણાવાયું છે.

### ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર સાંસ્કૃતિક કુંજમાં ઉજવાતા વસંતોત્સવમાં ઉદ્દ્ઘોષક તરીકે છેલ્લા ૩ વર્ષથી જાણીતા સાહિત્યકાર શ્રી મનોજ શુક્લ સંભાળે છે.
- ગાંધીનગર શહેર કલેક્ટર ઓફિસમાં ક્રિમીલેયરના પ્રમાણપત્રો મેળવવા મોટી સંખ્યામાં અરજદારો ધક્કા ખાઈ રહ્યા છે.
- પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો સમૂહ લગ્નોત્સવ ૯મી ફેબ્રુઆરીએ દહેગામ ખાતે યોજાનાર છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાનું ત્રીજુ બજેટ ઈન્ચાર્જ કમિશનરે રજુ કર્યું છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનરની ટીમ અને કાઉન્સીલરો વચ્ચે આજે ક્રિકેટ મેચ સે. ૨૧ ખાતે યોજાનાર છે.

# ગ-૨ પાસે પાણીની લાઈનમાં લીકેજ થતા જળબંબાકાર

ગાંધીનગર, તા.૩૧

શહેરના 'ગ' માર્ગ પર ગ-૨ પાસે પાણીની મુખ્યલાઈનમાં લીકેજ સર્જાતા માર્ગ પર પાણીનો ભરાવો થઈ ગયો હતો. પાટનગર યોજના





(તસવીર : દિપક જાની)

વિભાગની ટીમ લીકેજની સમસ્યા નિવારવા કામે લાગી હતી.

શહેરના નવવિકસિત સેકટરોમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનું કામ હાથ ધરાયા બાદ પાઈપલાઈનમાં લીકેજીસની સમસ્યા વધી ગઈ છે. પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા કરોડોના ખર્ચે ગત વર્ષ દરમિયાન કામગીરી પૂર્ણ કરવામાં આવી છે જયારે તોતિંગ પાઈપલાઈનો નવી નંખાયા બાદ લીકેજીસની સમસ્યા ઉદભવતા તંત્ર પણ દોડતું થઈ ગયું છે. શહેરમાં ગ-૨ નજીક પાણીની મુખ્ય લાઈનમાં અચાનક લીકેજ થતા આસપાસના વિસ્તારોમાં પાણી પાણી થઈ ગયું હતું. પાણીની લાઈનમાં અચાનક લીકેજ સર્જાતા પાટનગર યોજનાનું તંત્ર લીકેજ નિવારવા કામે લાગ્યું હતું.

## કોર્ટ કાર્યવાહી ચાલુ હોવાથી ખાતાકીય તપાસ સ્થગીત કરવી

# ઉચાપતની તપાસ અટકાવવા IFS અધિકારીનો બનાવટી લેટર બનાવાયો

## ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટમાં મોકલેલો લેટર ખોટા સરનામાને લીધે પરત આવતા ભાંડો ફૂટ્યો : લેટર રજુ કરનાર વોન્ટેડ આરોપી કર્મચારી તથા અરણ્યભવનના ક્લાર્ક સહ આરોપીની ધરપકડ

ગાંધીનગર, તા. ૩૧

ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના એક કર્મચારી સામે ઉચાપત કેસમાં ગુનો દાખલ થતા તેની સામે થઈ રહેલી ખાતાકીય તપાસ અટકાવવા અરણ્યભવનમાં નોકરી કરતા ક્લાર્કને મળ્યો હતો. તેણે આઈએફએસ અધિકારી ઉપસચિવનો બનાવટી લેટર પેડ બનાવી તેમાં સહી કરીને ખાતાકીય તપાસ સ્થગિત કરવાના આદેશ કરતોપત્ર વિભાગમાં મોકલી દીધો હતો. સરનામુ ખોટુ લખાઈ જતાં પત્ર રીટર્ન થયો હતો અને ઉપસચિવના હાથે આવતા ભાંડો ફૂટ્યો હતો. આ ગુનામાં વોન્ટેડ કર્મચારી આરોપીને સે. ૭ પોલીસે ઝડપી લઈ કોર્ટમાં રજુ કરતા બે દિવસના રિમાન્ડ મંજુર થયા છે. લેટર બનાવી આપનાર અરણ્યભવનમાં ક્લાર્ક તરીકે સેવા આપતો હોવાનું તે કર્મચારીથી પુછતાછમાં ખુલતા સે. ૭ પોલીસે તેની પણ ધરપકડ કરી ઉંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી પ્રમાણે ૧૬ માર્ચ ૨૦૧૨માં સે. ૭ પોલીસમથકમાં સુરેન્દ્રનગર આર.એફ.ઓ. મુકેશભાઈ બડાયાવદરાએ તેના ખાતામાં નોકરી કરતા કર્મચારી બી.એસ. ગોસ્વામી સામે ગુનો નોંધાવ્યો હતો. કર્મચારી બી.એસ. ગોસ્વામીની સામે વર્ષ ૨૦૦૬-૦૭માં ઉચાપતનો ગુનો નોંધાયો હતો. જેને પગલે ખાતાકીય તપાસ ચાલી રહી હતી. કોર્ટ કાર્યવાહી ચાલુ હોવાથી ખાતાકીય તપાસ સ્થગિત કરવાના આદેશ વાળો અશોક સ્થંભ વાળો આઈએફએસ અધિકારી ટી.એ. સૈયદના નામનો ઉપસચિવનો બનાવટી લેટર તૈયાર કરી તેમાં સહી કરેલો લેટર સુરેન્દ્રનગર આરએફઓ અને જૂનાગઢ મોકલવામાં આવ્યો હતો. જુનાગઢનું સરનામુ ખોટુ ટાઈપ થઈ જતાં પોસ્ટ દ્વારા આ લેટર પર ઉપસચિવના સરનામે આવ્યો હતો અને સમગ્ર પ્રકરણ બહાર આવતા ફરીયાદ થઈ હતી. આ ગુનામાં બી.એસ. ગોસ્વામી નાસતા ફરતા હતા. જેમની ગઈકાલે સે. ૭ પોલીસે ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. પુછપરછમાં બહાર આવ્યું કે અરણ્યભવનમાં ક્લાર્ક તરીકે નોકરી

● અનુસંધાન પાન-૭ પર

# દોઢ વર્ષનું બાળક હેરપીન ગળી ગયુ...! : સફળ શસ્ત્રક્રિયા

## સેક્ટર-૬માં બહેન સાથે મસ્તી કરતાં હાથમાં આવી ગયેલી પીન બાળકે મોં માં નાંખી દીધી હતી

ગાંધીનગર, તા.૩૧

શહેરના સે-૬ ખાતે દોઢ વર્ષનું બાળક તેની બહેન સાથે મસ્તી કરી રહ્યું હતું તે દરમિયાન હાથમાં બહેનના માથામાં લગાડેલી હેરપીન આવી જતાં ગળી ગયો હતો. માતાને આ ઘટનાની જાણ થતા પરિવારનો જીવ તાળવે ચોંટી ગયો હતો તેને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જયાં નિષ્ણાંત તબીબી ટીમે સફળતાપૂર્વક શસ્ત્રક્રિયા કરી બાળકનો જીવ બચાવ્યો છે.



(તસવીર : વિપુલ ચૌહાણ)

ગાંધીનગર શહેરના સેકટર-૬ બ્લોક નં. ૬૬/૧માં રહેતું ૧૮ માસનું બાળક ધ્રુવ ડી. દરજી બે દિવસ અગાઉ તેની બહેન સથે રમત કરતો હતો. તેના હાથમાં બહેનના માથાની પાંચ સે.મી. લાંબી હેરપીન આવી જતા તે તેને ગળી ગયો હતો. બહેને માતાને આ અંગે જાણ કરતાં માતા પિતા સહિત

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ.
(ગુજરાત સરકારનું સાહસ)
બીજ ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. : ૨૩૨૫૬૬૭૭, ૨૩૨૫૬૬૮૪

જાહેર નિવિદા

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ., ગાંધીનગરને ૧૪ પૌંડ સુતળીનો અંદાજે ૧૫૦૦ કિ.ગ્રા. જથ્થો ખરીદવાનો હોઈ રસ ધરાવતી પાર્ટીઓએ રજાઓના દિવસો સિવાય તા. ૩-૨-૨૦૧૪ થી તા. ૨૦-૨-૨૦૧૪ સુધીમાં ટેન્ડર ફોર્મ મેળવી બંધ કવરમાં ઓફર ભાવ તા. ૨૧-૨-૨૦૧૪ના રોજ ૧૪.૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે.

મેનેજીંગ ડીરેક્ટર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧







C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૯૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com